## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી ગદ્ય **(EGT-01)** | **Numerical Code: 0037** |
| **તારીખ** | : **17/01/2016** | **નોંધણી નંબરઃ** ______________ |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** ‘પોસ્ટઓફિસ’ વાર્તામાં વાત્સલ્ય નિમિત્તે પ્રગટેલા કારુણ્યની ગતિવિધિને આલેખો. **(12)**

**અથવા**

‘એળે નહીં તો બેળે’ના પાત્રોની રંગદર્શી લાગણીઓનો પરિચય કરવો.

**પ્રશ્ન-2** ‘માનચતુર’ નવલકથાખંડનો રસલક્ષી આસ્વાદ કરાવો. **(12)**

**અથવા**

‘ગોપાળબાપા’ નવલકથાખંડને આધારે ગોપાળબાપાના વ્યક્તિત્વના અંશનો પરિચય કરાવો.

**પ્રશ્ન-3** રાઈના આંતરમન દ્વારા લેખકે સદ્-અસદ્ વચ્ચેના સંઘર્ષને કેવી રીતે ઉપસાવ્યો છે, તેની સમીક્ષાત્મક નોંધ લખો. **(12)**

**અથવા**

‘ઊડણ ચરકલડી’ શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-4** ‘પેટ’ નિબંધને આધારે જ્યોતીન્દ્ર દવેની વિનોદી ભાષાશૈલી આલેખો. **(12)**

**અથવા**

‘શહેરની શેરી’ નિબંધમાં પ્રગટતી આજના શહેરના રહેનારની મનોગ્રંથિથી માહિતગાર કરાવો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(ગમે તે બે)** **(12)**

1. ‘મોનજી રૂદર’ના સ્વભાવનું શબ્દચિત્ર.
2. હિમાલયમાં આવેલા તીર્થસ્થાન ગંગોત્રીનો પરિચય
3. રાઈનું આંતરમંથન
4. ‘પોસ્ટઓફિસ’ વાર્તાનો અંત
5. પેટના મહત્વના પ્રશ્નો

**પ્રશ્ન-6 યોગ્ય વિકલ્પ શોધી નીચેની ખાલીજગ્યા પૂરો.** **(10)**

1. ગુજરાતી સાહિત્યની પ્રથમ ટૂંકીવાર્તા __________ છે.
   A. ગોવાલણી B. પોસ્ટ ઓફિસ C. ભૈયાદાદા
2. ‘મુકુન્દરાય’ વાર્તાના લેખક __________ છે.
   A. ધૂમકેતુ B. રા.વિ. પાઠક C. સુન્દરમ્

3. ગાંધીભાવનાનું મહત્વનું વલણ નિરૂપતી વાર્તા ___________ છે.

A. પોસ્ટ ઓફિસ B. એળે નહીં તો બેળે C. માજાવેલાનું મૃત્યુ

4. ‘માનચતુર’ નવલકથાખંડ ___________ નવલકથાનો છે.

A. ગુજરાતનો નાથ B. સરસ્વતીચંદ્ર ભાગ-2 C. પાટણની પ્રભુતા

5. ‘ગુજરાતનો નાથ’ના સર્જક ___________ છે.

A. મનુભાઈ પંચોલી B. ર.વ.દેસાઈ C. ક.મા. મુનશી

6. ‘બાધર આગવાળો નાટ્યાંશ _________ કૃતિનો છે.

A. આગગાડી B. ધરાગુર્જરી C. રાઈનો પર્વત

7. ‘સત્ય અને અહિંસા’ __________ સ્વરૂપની કૃતિ છે.

A. નાટક B. નવલિકા C. નિબંધ

8. ગુજરાતી સાહિત્યમાં વિનોદી શૈલી માટે ___________ જાણીતા છે.

A. ગાંધીજી B. જ્યોતીન્દ્રદવે C. જયંતિ દલાલ

9. અર્વાચીનોમાં આદ્ય ____________ છે.

A. દલપતરામ B. નવલરામ C. નર્મદ

10. કાકાસાહેબ કાલેલકર ગુજરાતી સાહિત્યમાં ____________ માટે જાણીતા છે.

A. પ્રવાસગ્રંથો B. નવલકથાઓ C. નાટકો

-----------------------****--------------------------

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**
**સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016**

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી પદ્ય **(EGT-02)** | **Numerical Code: 0038** |
| **તારીખ** | : **18/01/2016** | **નોંધણી નંબરઃ** _______________ |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન -1** ‘અખિલ બ્રહ્માંડમાં’ કાવ્યનો વિગતે આસ્વાદ કરવો. **(12)**

**અથવા**

અખાના છપ્પામાં રહેલો કટાક્ષનો પરિચય કરાવો.

**પ્રશ્ન -2** ‘કુંવરબાઈનું મામેરું’માં પ્રેમાનંદે આલેખેલા ‘પિતા- પુત્રી મિલન’નો પ્રસંગ વર્ણવો. **(12)**

**અથવા**

‘હરિનો મારગ’ કાવ્યનો મર્મ સમજાવો.

**પ્રશ્ન-3** ‘વધામણી’ સોનેટની રસલક્ષી સમીક્ષા કરો. **(12)**

**અથવા**

‘હરિનાં દર્શન’ કાવ્યમાં કવિની હરિદર્શન માટેની ઝંખના વર્ણવો.

**પ્રશ્ન-4** ‘તુકારામનું સ્વર્ગારોહણ’ કાવ્યનું રહસ્ય સ્પષ્ટ કરો. **(12)**

**અથવા**

‘ભાઈ રે, આપણાં દુઃખનું કેટલું જોર’ ગીતનો આસ્વાદ કરાવો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(કોઈપણ બે)** **(12)**

1. ‘શ્યામ રંગ સમીપે ન જાવું’માં ગોપીનો કૃષ્ણપ્રેમ
2. ‘અવસાન સંદેશ’માં કવિએ આપેલો ઉપદેશ
3. ‘અતિજ્ઞાન’માં આલેખાયેલું સહદેવનું મનોમંથન
4. ‘નિર્દોષ ને નિર્મળ આંખ તારી’માં કરુણનું આલેખન
5. ‘વળાવી બા આવી’ સૉનેટનો અંત

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોના જવાબમાં યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **(10)**

1. ‘હાં રે કોઈ માધવ લ્યો’ કોની રચના છે?

   A. નરસિંહ મહેતા B. મીરાંબાઈ C. શામળ

2. ‘દેખી બુરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની!’ પંક્તિ કયા કાવ્યની છે?

A. અતિજ્ઞાન B. અવસાન-સંદેશ C. આપની યાદી

3. ‘લાગ્યો કસુંબીનો રંગ’ કાવ્યના કવિ કોણ છે?

A. ઝવેરચંદ મેઘાણી B. નર્મદ C. ઉમાશંકર જોષી

4. ‘ધન્ય છે તમારી બહાદૂરીને – ઉંદર જોઇને નાઠા!’માં કયો અલંકાર રહેલો છે?

A. ઉપમા B. વ્યતિરેક C. વ્યાજસ્તુતિ

5. ‘ભાઈબહેન’ શબ્દમાં કયો સમાસ છે?

A. દ્વિગુ B. દ્વંદ્વ C. તત્પુરુષ

6. નીચેનામાંથી તત્સમ શબ્દ કયો છે?

A. ધર્મ B. કાન C. પૂછવું

7. નીચેનામાંથી કયો શબ્દ પૂર્વપ્રત્યય ધરાવે છે?

A. અણઆવડત B. દુકાનદાર C. કુમાર

8. નીચેનામાંથી કયું સોનેટ કવિ પ્રહલાદ પારેખનું છે?

A. વળાવી બા આવી B. વિદાય C. વધામણી

9. ‘થોડો વગડાનો શ્વાસ’ કયા વિષયનું કાવ્ય છે?

A. પ્રણય B. પ્રભુપ્રેમ C. પ્રકૃતિ

10. ‘અતિજ્ઞાન’ કાવ્યનું સ્વરૂપ કયું છે?

A. ગઝલ B. ખંડકાવ્ય C. સૉનેટ

------------------------****--------------------------

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016**

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી સાહિત્યની રૂપરેખા **(EGT-03)** | **Numerical Code: 0039** |
| **તારીખ** | : **18/01/2016** | **નોંધણી નંબરઃ** _______________ |
| **સમય** | : **03.00 to 06.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશિષ્ટતાઓ વર્ણવો. **(12)**

**અથવા**

અખાનું જીવન વર્ણવી સાહિત્યસર્જનની સમીક્ષા કરો.

**પ્રશ્ન-2** શામળનું જીવન અને કવન વર્ણવો. **(12)**

**અથવા**

દલપતરામનું જીવન અને ઘડતર પરિબળો વર્ણવો.

**પ્રશ્ન-3** ગોવર્ધનરામ ત્રિપાઠીનું જીવન વર્ણવી 'સરસ્વતીચંદ્ર' નવલકથાનો પરિચય આપો. **(12)**

**અથવા**

કનૈયાલાલ મુનશી અને મેઘાણીનું નવલકથા ક્ષેત્રે પ્રદાન મૂલવો.

**પ્રશ્ન-4** રાજેન્દ્ર શાહનું જીવન અને કવન વર્ણવો. **(12)**

**અથવા**

સુરેશ જોષીનું જીવન અને સાહિત્યસેવા વર્ણવો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(કોઈપણ બે)** **(12)**

1. પ્રેમાનંદના આખ્યાનો
2. દયારામની ગરબીઓ
3. નર્મદની કવિતામાં સ્વદેશાભિમાન
4. નાટ્યકાર ચં.ચી. મહેતા
5. ચંદ્રકાન્ત બક્ષી – નવલકથાકાર

**પ્રશ્ન-6 નીચેના પ્રશ્નોના જવાબ માગ્યા પ્રમાણે આપો.** **(10)**

1. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં 'પ્રભાતિયાં' –પદ રચનાર કવિનું નામ શું છે?
   (A) નરસિંહ (B) ભોજો (C) દયારામ

2. ‘ઓખાહરણ’ આખ્યાનમાં મુખ્ય રસ કયો છે?

   (A) હાસ્ય (B) કરુણ (C) વીર

3. ‘એક મુરખને એવી ટેવ ,
   પથ્થર એટલા પૂજે દેવ’. –
   - આ પંક્તિના કવિનું નામ જણાવો.

   (A) ધીરો (B) નિરાંત (C) અખો

4. ‘શ્યામ રંગ સમીપે ન જાવું’ – ગરબીના રચયિતા કોણ છે?

   (A) મીરાં (B) દયારામ (C) ભાલણ

5. ‘મિથ્યાભિમાન’ નાટકના સર્જકનું નામ શું છે?

   (A) નર્મદ (B) દલપતરામ (C) નવલરામ

6. કલાપીનું મૂળ નામ શું હતું?

   (A) સુરસિંહજી (B) રામસિંહજી (C) સરદારસિંહ

7. ગુજરાતી ભાષાની પ્રથમ હાસ્યપ્રધાન નવલકથા કઈ છે?

   (A) કરણઘેલો (B) ભદ્રંભદ્ર (C) મળેલા જીવ

8. ‘બારી બહાર’ કાવ્યસંગ્રહના કવિનું નામ શું છે?

   (A) નર્મદ (B) પ્રહલાદ પારેખ (C) હસમુખ પાઠક

9. ‘તણખા મંડળ’-1 થી 4 વાર્તાસંગ્રહના રચયિતા કોણ છે?

   (A) ધૂમકેતુ (B) દ્વિરેફ (C) જયંતિ દલાલ

10. ગાંધીયુગના પ્રમુખ કવિઓના નામ જણાવો.

    (A) સુન્દરમ- ઉમાશંકર (B) નર્મદ- દલપતરામ (C) ચિનુ મોદી- ઉશનસ્

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો **(EGT-04)** | **Numerical Code: 0040** |
| **તારીખ** | : **19/01/2016** | **નોંધણી નંબર:** _______________ |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** આખ્યાન સ્વરૂપની લાક્ષણિકતાઓનો વિગતે પરિચય આપો. **(12)**

**અથવા**

પ્રેમાનંદ કૃત 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનની વસ્તુસંકલ્પના અને પાત્રનિરૂપણ કલાની વૈશિષ્ટયતા – વર્ણવો.

**પ્રશ્ન-2** સૉનેટ સ્વરૂપની  વિભાવના સ્પષ્ટ કરી, સૉનેટની લાક્ષણિકતાઓ વર્ણવો. **(12)**

**અથવા**

બ.ક. ઠાકોરની પ્રકૃતિવિષયક સૉનેટ રચનાઓની સમીક્ષા કરો.

**પ્રશ્ન-3** ગુજરાતી ટૂંકીવાર્તાનો ઉદભવ જણાવી ટૂંકીવાર્તા ક્ષેત્રે ધૂમકેતુનું પ્રદાન મૂલવો. **(12)**

**અથવા**

જયન્ત ખત્રી કૃત 'લોહીનું ટીપું' વાર્તાની રચનારીતિ, કથાવસ્તુ, પાત્રાલેખન, ભાષા આદિ દ્રષ્ટિએ સમીક્ષા કરો.

**પ્રશ્ન-4** વાર્તાકાર સુંદરમ્  અને મેઘાણીનું વાર્તાક્ષેત્રે પ્રદાન મૂલવો. **(12)**

**અથવા**

સરોજ પાઠક કૃત 'સૌંગંધ' વાર્તા એક વિશિષ્ટ સંબંધ નિરૂપતી કૃતિ છે - કથાવસ્તુ અને રચનારીતિની દ્રષ્ટિએ સમીક્ષા કરો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(ગમે તે બે)** **(12)**

1. 'કુંવરબાઈનું મામેરું' આખ્યાનમાં પ્રગટતું સમાજચિત્રણ
2. 'છેલ્લું દર્શન' સૉનેટનો આસ્વાદ
3. 'અમૃત લઈ આવ્યો અવનિનું' કાવ્યમાં પ્રગટતું જીવનનું ચિંતન
4. 'હતા ત્યાં ને ત્યાં' વાર્તાનું કથાવસ્તુ
5. 'જન્મોત્સવ' વાર્તાનું કથાવસ્તુ

**પ્રશ્ન -6 નીચેના પ્રશ્નોના જવાબ માગ્યા પ્રમાણે આપો.** **(10)**

1. 'ઓખાહરણ' આખ્યાનના કવિનું નામ શું છે?

   A. નરસિંહ B. પ્રેમાનંદ C. શામળ

2. ‘સાધુ પિતાને દુઃખ દેવાને,
   મારે સીમંત શાને આવ્યું રે’ – પંક્તિમાં કયા રસનિરૂપણનું આલેખન છે?
   A. રૌદ્ર  B. હાસ્ય  C. કરુણ
3. ઊર્મિ કવિતાને અંગ્રેજીમાં શું કહેવામાં આવે છે?
   A. Lyric  B. Liric  C. Lyre
4. ‘જૂનું પિયેરઘર’ સોનેટના કવિનું નામ શું છે?
   A. સુંદરમ્  B. ઉશનશ  C. બ.ક.ઠાકોર
5. આધુનિક ‘અરણ્ય’ કાવ્યના કવિનું નામ જણાવો.
   A. ઉમાશંકર જોશી  B. રાજેન્દ્ર શાહ  C. નિરંજન ભગત
6. “ટૂંકી વાર્તા જીવનના કોઈ રહસ્યને ઓછામાં ઓછા પાત્રોથી, ઓછામાં ઓછા બનાવોથી, ઓછામાં ઓછા શબ્દોમાં નિરૂપીત કરે છે” – આ વ્યાખ્યા આપનાર સર્જક વિવેચકનું નામ જણાવો.
   A. અનંતરાય રાવળ  B. રામનારાયણ પાઠક  C. ધૂમકેતુ
7. ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીનું ઉપનામ શું છે? કયા ઉપનામથી વાર્તાઓ રચતા તે જણાવો.
   A. ઘનશ્યામ  B. કલાપી  C. ધૂમકેતુ
8. હલીમા કઈ વાર્તાનું પાત્ર છે?
   A. સૌગંધ  B. લોહીનું ટીપું  C. માને ખોળે
9. ‘ભણકારા’ સોનેટની રચના સાલ જણાવો.
   A. 1888  B. 1890  C. 1895
10. ‘હતા ત્યાં ને ત્યાં’ વાર્તાનું મુખ્ય પાત્ર કયું છે?
   A. મણિલાલ  B. મીઠારામ  C. સેવકરામ

----------------------****--------------------------

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : ગુજરાતી ભાષા **(EGT-05)** | **Numerical Code: 0041** |
| **તારીખ** | : **16/01/2016** | **નોંધણી નંબર:** _______________ |
| **સમય** | : **11.00 to 02.00** | |
| **સૂચના** | : દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** ભાષા એટલે શું? ભાષાના લક્ષણોની ચર્ચા વિગતે કરો. **(12)**

**અથવા**

ગુજરાતી ભાષાનો ઉદભવ અને વિકાસ આલેખો.

**પ્રશ્ન-2** વાગવયવો એટલે શું? વાગવયવો વિશે વિશદ ચર્ચા કરો. **(12)**

**અથવા**

ગુજરાતી ભાષાની વ્યંજન વ્યવસ્થા વિશે વિગતે લખો.

**પ્રશ્ન-3** સમાસ એટલે શું? ગુજરાતી સમાસરચના વિશે લખો. **(12)**

**અથવા**

વાક્યનાં લક્ષણો દર્શાવી, વાક્યના પ્રકારો વિશે જણાવો.

**પ્રશ્ન-4** ઉત્તર ગુજરાતની પટ્ટણી બોલીની લાક્ષણિકતાઓની ઉદાહરણ સાથે ચર્ચા કરો. **(12)**

**અથવા**

ભાષા અને બોલી વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(કોઈપણ બે)** **(12)**

1. સુધારકયુગનું ગદ્ય
2. ગાંધીયુગના સર્જકનું ગદ્ય
3. વિજ્ઞાનના સિદ્ધાંતોની રજૂઆતનું ગદ્ય
4. પત્રકારત્વનું ગદ્ય
5. આધુનિકયુગના ગદ્યના મુખ્ય લક્ષણો

**પ્રશ્ન-6 યોગ્ય વિકલ્પ શોધી નીચેની ખાલી જગ્યા પૂરો.** **(10)**

1. ભાષાનું માધ્યમ __________ છે.

   A. સાંકેતિક B. બંધીયાર C. વ્યવસ્થા D. અનિવાર્ય

2. ભારતમાં _________ ભાષાકુળ સૌથી વધુ બોલાય છે.
   A. દ્રવિડ B. ઓસ્ટ્રીક C. ભારતીય-આર્ય D. ચીની તિબેટી
3. ગુજરાત રાજ્યની સ્થાપના ઈ.સ. __________ માં થઈ.
   A. 1956 B. 1960 C. 1961 D. 1958
4. ઈ.સ. 1185માં શાલિભદ્રે _________ કૃતિ લખી હતી.
   A. ભરતેશ્વર બાહુબલી રાસ B. નળાખ્યાન C. મદનમોહના D. વસંત વિલાસ
5. મધ્ય ગુજરાતમાં _________ બોલી બોલાય છે.
   A. સુરતી B. પટ્ટણી C. ઝાલાવાડી D. ચરોતરી
6. નર્મદે _________ નામનું પાક્ષિક વર્તમાનપત્ર શરૂ કરેલું.
   A. બુદ્ધિપ્રકાશ B. ડાંડિયો C. નવચેતન D. જાગૃતિ
7. સરસ્વતીચંદ્ર નવલકથાના લેખક _________ છે.
   A. કાન્ત B. ગો.માં.ત્રિપાઠી C. કલાપી D. રમણભાઈ નીલકંઠ
8. ગાંધીજીની આત્મકથાનું નામ ___________ છે.
   A. આત્મકથન B. સત્યના પ્રયોગો C. સત્યથકી D. અલપઝલપ
9. હિમાલયનો પ્રવાસ કૃતિના લેખક __________ છે.
   A. કિશોરલાલ મશરૂવાળા B. ગાંધીજી C. કાકાસાહેબ D. કલાપી
10. __________ આધુનિક યુગનાં લેખક છે.
   A. ઉમાશંકર જોશી B. મણિલાલ દ્વિવેદી C. સુરેશ જોષી D. બ.ક. ઠાકોર

-----------------------****--------------------------

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2016**

| | | |
|---|---|---|
| **અભ્યાસક્રમ** | : સ્નાતક પદવી અભ્યાસક્રમ **(B.A./B.Com.)** | **Numerical Code B.A.: 0001**<br>**Numerical Code B.com: 0002** |
| **પાઠ્યક્રમ** | : સાહિત્ય સિદ્ધાંત અને ભાષા વિનિયોગ **(EGT-06)** | **Numerical Code: 0042** |
| **તારીખ** | : **16/01/2016** | **નોંધણી નંબર:** _______________ |
| **સમય** | : **03.00 to 06.00** | |
| **સૂચના** | :દરેક પ્રશ્નના ઉત્તર આપવા ફરજીયાત છે. | **કુલ ગુણ : 70** |

---

**પ્રશ્ન-1** શબ્દ શક્તિ એટલે શું? તે અને તેના મુખ્ય ત્રણ ભેદો વિશે સમજ આપો. **(12)**

**અથવા**

વિવેચન પદ્ધતિની માહિતી આપી તેની મુખ્ય પદ્ધતિઓની માહિતી સવિસ્તાર આપો.

**પ્રશ્ન-2** અરજીના વિવિધ પ્રકારોના માત્ર નામ આપી, કોઈપણ બે પ્રકારની અરજી વિશે વિસ્તૃત માહિતી નમૂના સાથે આપો. **(12)**

**અથવા**

વાક્યમાં આવતા પદક્રમ, પદાન્વય અને શબ્દફેર વિશે સમજાવો.

**પ્રશ્ન-3** વર્ણનાત્મક ગદ્યનો ઉપયોગ સાહિત્યમાં કેવી રીતે થાય છે, ઉદાહરણસહ સમજાવો. **(12)**

**અથવા**

એરિસ્ટોટલનો અનુકરણનો સિદ્ધાંત પાશ્ચાત્ય કાવ્યમીમાંસાના સંદર્ભમાં સમજાવો.

**પ્રશ્ન-4** ગઝલ અને તેની રચના અંગે વિસ્તૃત નોંધ તૈયાર કરો. **(12)**

**અથવા**

સાહિત્ય સર્જનની પ્રક્રિયામાં વ્યુત્પતિ અને અભ્યાસનું શું સ્થાન છે, તે સમજાવો.

**પ્રશ્ન-5 ટૂંકનોંધ લખો.(કોઈપણ બે)** **(12)**

1. શબ્દોની કરકસર = સંક્ષેપીકરણ
2. શાળામાં યોજાઈ ગયેલા આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો અહેવાલ તૈયાર કરો.
3. તફાવત આપો – પ્રતિકવાદ અને સંરચનાવાદ
4. વક્તાના પ્રકારો
5. સાહિત્ય અને કલાનો સંબંધ

**પ્રશ્ન-6 સાચો વિકલ્પ પસંદ કરી પ્રશ્નનો જવાબ લખો.** **(10)**

1. નીચેનામાંથી કઈ "દ્રશ્ય કલા" છે?

   A. નૃત્ય B. સ્થાપત્ય C. સાહિત્ય

2. કશુંક નવું ઉપજાવવાનો ભાવ એટલે શું કહેવાય?

   A. પ્રેરણા B. પ્રતિભા C. સર્જન

3. વિચાર વિસ્તારના લેખનને મુખ્યત્વે કેટલા તબક્કામાં વહેંચી શકાય?

   A. પાંચ B. બે C. ત્રણ

4. રઘુવીર ચૌધરીની કઈ નવલકથામાં અસ્તિત્વવાદની વિચારધારાનો પ્રભાવ જોવા મળે છે?

   A. પ્રકૃતિ B. મસ્તી C.અમૃતા

5. ગુજરાતી સાહિત્યમાં સુરેશ જોશીનું નામ શેના પ્રવર્તક તરીકે જાણીતું છે?

   A. વૈભવવાદ B. રૂપવાદ C. ભૌતિકવાદ

6. "કલ્પન" સંજ્ઞાનો અંગ્રેજી પર્યાય કયો છે?

   A. Image B. Photo C. Picture

7. મરણનું પ્રમાણપત્ર સંતાનોને શું મેળવવામાં ઉપયોગી થાય છે?

   A. ધન-દોલત B. વહિવટ C. વારસો

8. "ધ્વનિ" ને કાવ્યનો આત્મા કયા કવિએ કહ્યો છે?

   A. કાલિદાસ B. આનંદવર્ધન C. મમ્મટ

9. બેનેડિટ્ટો ક્રોચે ક્યાંના વતની હતા?

   A. બ્રિટન B. અમેરિકા C. ઈરાન

10. અછાંદસ કવિતા આપણે ત્યાં કયા સમય પછી લખાવા લાગી?

    A. મધ્યકાળ B. અર્વાચીનકાળ C. સ્વતંત્ર્યોતર કાળ

-----------------------****--------------------------